## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

રૂપરંગના રજવાડામાં
રાજ કરે છે અટકળ જેવી.
અંધાપાનો ઓપ ચઢ્યો છે,
માયા સરતી ઝાકળ જેવી.
દોડે ગાયો વાદળ જેવી,
ધોળી કાયા કાગળ જેવી.
ઝુરાપો વૈભવ છે મારો,
જ્યોત જલે છે ઝળહળ જેવી

- નલિન પંડ્યા

### પાથેય

- રમેશ ઠક્કર

## અતીતરાગનો અનુરાગ

એક આયખાના આપણા અનુભવો પણ કેટકેટલા હોય છે ?! જગત તો નિરંતર ચાલ્યા જ કરે છે..પચાસ વરસ પહેલાંનું જીવન આજની પેઢીને જરીક સમજાવાય પંરતુ એકાદ સદી પહેલાંની વાતો તો ગપગોળા જ લાગે..મહાભારત કે રામાયણ કાળની અનેક વાતો આજના સમયમાં નરી કલ્પનાઓ જ લાગે..એના જેવી કોઈ એકલદોકલ ઘટના જો બની જાય તો જરીક સ્વીકાર થાય...પરિવર્તન સાથે થતું સાતત્ય એ સંસારનો નિયમ છે.અમુક બાબતે આપણી પાસે પુરાવાઓ કે આધારો ઉપલબ્ધ છે એટલે આપણને જે તે સમયની જાહોજલાલી કે વૈભવનો ખ્યાલ આવી શકે..એક સમયે માણસ ચાલીને કે ઘોડાઓ ઊંટ જેવાં પશુઓ ઉપર સવાર થઈ હજારો કિલોમીટરની ખેપ કરતા..આજે ચાલવું એ જ જાણે ચમત્કાર થઈ ગયું છે ! ચાલવું અને એ પણ પગરખાં કે જૂતાં વગર એ માની શકાય? પણ એ હકિકત હતી એક જમાનામાં..ધુળિયા માર્ગે કે ખેતરોની પગદંડીઓ ઉપર ચાલવું સહજ હતું..અંતર માપવા માટે ગાઉ કે ખેપ જેવા શબ્દો વપરાતા..બાર ગાઉએ બોલી અને પહેરવેશ બદલાઇ જતા..એટલું અંતર પણ જાણે પરદેશ જેવું લાગતું... એક ગામથી બીજા ગામ પહોંચીએ ત્યાં રાત થઈ જતી..આજે જ્યારે આખું જગત "ગ્લોબલ વિલેજ" બની ગયું છે ત્યારે એ સમયની વાતો કપોળ કલ્પિત જ લાગે..

દુનિયા ગોળ છે..બધું ફરે છે..પુરાણી વસ્તુ બદલાય છે..વિવિધ વાતાયન ખુલે છે..નવી હવા..નવી દિશા..નવા આયામો ઉઘડે છે. બદલાવ અને નાવિન્ય કદાચ જીવંતતા નો પર્યાય હશે.આમ છતાં માણસને લાગણીનો લેપ પણ મળ્યો છે. માણસને માણસ થી પ્રેમ થાય એ રીતે ચીજવસ્તુ થી પણ પ્રેમ થઇ જાય છે..અફલાતુન બંગલો બનાવ્યા પછી પણ જુનું ઘર ખાલી કરતાં અસહય અને અકથ્ય વેદના થાય છે.જુનું ઘડિયાળ ગમે છે.એક જમાનામાં વિશાળ કદ ધરાવતા રેડિયો ની બોલબાલા હતી..જેમાંથી સુમધુર ધ્વનિ નિકળતા...બિનાકા ગીતમાલા કે જયમાલા કે સાંજ ના સમયે કામલપુરના સ્વચ્છ આકાશમાંથી ટપકતી આકાશવાણી.."સમાચાર સેમ્યુઅલ હેરી વાંચે છે..." શું મજા હતી..! આજની પેઢીને એહસાસ પણ નહીં થાય..રેડીયો ક્યારેક રિસાય કે અટકે તો નાનકડી ટપલી મારવા થી એ ફરી વહેવા માંડતો..આજે ટેરવાં ના સ્પર્શ થી ઉપકરણો માં સુર ઊઘડે છે..પણ રેડિયો જેવી નજાકત નથી..! લકઝુરિયસ કાર જુના સ્કૂટર જેવી આહલાદક સફર આપી શકતી નથી..ચાવી વાળું ઘડિયાળ રોમાંચ નો એહસાસ કરાવતું.. થિયેટરના વિશાળ કદ ચલચિત્રો સામે ટી.વી. ની દુનિયા આજેપણ ટચુકડી લાગે છે.મલ્ટીપ્લેક્સ તો મામૂલી લાગે...! કદાચ આમાં આપણો મોહ હોઇ શકે... સ્નેહનું સંધાન હોઇ શકે..અતિત નો અહોભાવ કે માણ્યું તેનું સ્મરણ કરવાની મનોદશા પણ હોઇ શકે! પરંતુ એક વાત નક્કી કે વિસરાતી જતી વસ્તુઓની પણ એક વિરાસત હોય છે, વસવસો હોય છે. જે માણસ ને હંમેશાં આનંદ આપે છે... જીવન બદલાય છે, ચીજો બદલાય છે..માણસ પણ બદલાય છે પરંતુ પુરાણી ચીજો સાથે નો આપણો લગાવ અકબંધ રહે છે..આપણી સ્મ?તિ સાથે કોઇ ચીજ નું અનુંસંધાન એ ના કેવળ રોમાંચક અનુભવ છે પરંતુ આપણા અસ્તિત્વ નો અનોખો સ્વભાવ પણ છે...!!

# માનવના દાનવ ઉપરના વિજયનું પર્વ

**તંત્રીસ્થાનેથી...**

નવરાત્રીનાં નવલાં નોરતાં રંગેચંગે પૂરાં થયાં છે. બે વરસ લગી કોરોના નામના સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુએ માનવજાતને બાનમાં લીધી હતી એટલે ઉત્સવો પર પણ પ્રતિબંધ આવી ગયો હતો. આ વર્ષે લોકોએ ધરાઈને એ ભેગી થયેલી ભૂખ ભાંગી છે. ગુજરાત આખું હિલ્લોળે ચડ્યું હતું. વિદેશોમાં પણ નવરાત્રીની ભવ્ય ઉજવણી થઈ છે. વિજયાદશમીનું પર્વ એ માનવના દાનવ ઉપરના વિજયનું પર્વ છે. ભગવાનનો અવતાર હશે, પણ હતા તો કૌસલ્યાના કૂખે અવતરેલા અયોધ્યાના રાજા દશરથના પુત્ર. રામ અને રાવણને આપણે દૈવી અને દાનવી વૃત્તિઓનું પ્રતીક ગણાવીએ છીએ. હકીકતમાં બેઉ માનવ છે પણ એકમાં સાત્ત્વિક ગુણો અભરે ભર્યા છે, એ સત્યવચની છે, એકવચની છે. એક પત્નીવ્રત પાળે છે અને ધનુર્વિદ્યામાં એવા પ્રવીણ છે કે એક જ બાણ સામેના દુશ્મનના પ્રાણ હવા માટે પૂરતું થઈ રહે છે. રાવણમાં અનેક વિશેષતાઓ છે પણ અહંકાર એના બધા ગુણોને ઢાંકી દે છે. નહીંતર એ મોટો જ્ઞાની છે, તપસ્વી છે. આખો કૈલાસ ડોલાવવાની તાકાત ધરાવે છે. એની પાસે રાજનીતિ છે. એ સીતાનું હરણ જરૂર કરે છે - અને તે એના અહંકારને પોષવા માટે. પરંતુ એની મંજૂરી વગર એને સ્પર્શ પણ કરતો નથી. આમ બે છેડે બે માનવી જ છે. એક એના તમામ સદ્‌ગુણોને કારણે દેવ તરીકે પૂજાયો અને બીજો એના અહંકાર તથા કોઈની સાચી સલાહ પણ નહીં માનવાને કારણે વિશ્વનો સૌથી શક્તિશાળી તથા સમૃદ્ધ રાજા હોવા છતાં દાનવ તરીકે દર વિજયાદશમીની સાંજે આજપર્યંત ભડકે બળતો રહ્યો છે. માનવી ધારે તો રામ પણ થઈ શકે. ગાંધી એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને એ રામ કરતાં સવાયા બન્યા. મોરારિ બાપુએ એમના ગામના રામમંદિરની રામની મૂર્તિના હાથમાંથી ધનુષ લઈ લીધું છે અને પવિત્ર પુષ્પ કમળ પકડાવી દીધું છે. રામ એ વાલ્મીકિ કૃત મહાકાવ્ય ‘રામાયણ’ના મહાનાયક છે. જ્યારે નારદને વાલ્મીકિએ પૂછ્યું કે મને એવો કોઈ ધીરોદાત પુરુષ બતાવો જેના જીવન પર હું મહાકાવ્ય રચી શકું ત્યારે નારદે દશરથ રાજાના જયેષ્ઠ રાજકુમારનું નામ સૂચવ્યું હતું. કર્મોથી એ રાજકુમાર ભગવાન તરીકે પૂજાયા અને કુકર્મોને કારણે અહંકારપ્રેરિત દુષ્કર્મોને કારણે વિદ્વાન બ્રાહ્મણ - ઋષિપુત્ર રાવણ દાનવ ગણાયો. દાનવવૃત્તિ પર માનવવૃત્તિનો વિજય છે દશેરાનું પર્વ. દેવ તો કાલ્પનિક શબ્દ છે, બલકે એ જમાનામાં કદાચ એ જાતિવિશેષ હશે. વાનર, નર, દાનવ અથવા રાક્ષસ - આ બધા જાતિઓ છે. (નાગ જાતિના લોકોની ભૂમિ તે આજનું નાગાલેન્ડ.) દશેરા એ સંક્રાતિકાળનું પ્રારંભિક પર્વ છે. વર્ષના અંતની શરુઆત છે. હવે શરદપૂનમનો ચંદ્ર ખીલશે,રાસ જામશે અને પછીના પખવાડિયામાં સંવત બદલાઈને નવા સંવત્સરનો પ્રારંભ થશે. દશેરાને વણજોયું મુહૂર્ત ગણ્યું છે. એની પવિત્રતા શંકાતીત છે. એ દિવસે જે કોઈ કામ હાથ ધરીએ તે સફળ જ થાય એવી દૃઢ માન્યતા છે. પાંડવોએ આ દિવસે શસ્ત્રપૂજન કરીને શમીવૃક્ષના મૂળમાં સંતાડેલાં હથિયાર સજીને યુદ્ધનું રણશિંગું ફૂક્યું હતું. એથી આ શસ્ત્ર પૂજાનું પર્વ પણ છે. દશેરા કુલુથી લઈ મૈસૂર પર્યંત સમાન શ્રદ્ધા અને ઉલ્લાસથી ઊજવાય છે. ભારતને એક સૂત્રમાં બાંધનારાં પર્વોમાં એ સર્વોત્તમ પર્વ છે. પ્રજા ઉત્સવઘેલી હોય છે. ફાફડા અને જલેબીનું પર્વ બની ગયેલા દશેરાનું સાચું માહાત્મય જાણવાની પણ એને જરૂર નથી લાગતી. દેશ આજે વિકટ બેરોજગારી અને ગરીબીના ભરડામાં સપડાયેલો છે. છતાં આપણું લક્ષ્ય તો ઊંચું જ છે - એ લક્ષ્ય આંબવા માટે દેશની ૧૩૫ કરોડ વસતિ ખભે ખભો મિલાવી આગળ વધશે તો એને વિશ્વસત્તા બનતાં ઝાઝો વખત નહીં લાગે. સૌને વિજયાદશમી મુબારક.

# આશા પારેખ : દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત




સિનેમા ક્ષેત્રે સર્વોચ્ચ ગણાતો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર અભિનેત્રી આશા પારેખને એનાયત થયો છે. એક ગુજરાતી તરીકે આપણને સહુને ગૌરવ થાય કે એક ગુજરાતી



અભિનેત્રીને આ સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત થયું છે. બ્લેક એન્ડ વાઈટ ફિલ્મોમાં શરૂ કરીને કલર ફિલ્મો સુધી આશા પારેખની લાંબી યાત્રા રહી છે. રાજેશ ખન્ના, શમ્મી કપૂર, જોય મુખરજી વગેરે એ સમયના મહત્ત્વના અભિનેતાઓ સાથે એમણે ફિલ્મોમાં અભિનય કર્યો હતો. ‘કટી પતંગ’, તીસરી મંઝીલ, જબ પ્યાર કિસી સે હોતા હૈ, ફિર વહીં દિલ લાયા હું, લવ ઈન ટોકિયો, આયે દિન બહાર કે, ઉપકાર, આયા સાવન ઝૂમ કે, આન મિલો સજના, મેરા ગાંવ મેરા દેશ, જ્વાલા, કારવાં, મૈં તુલસી તેરે આંગન કી, કાલિયા, બટવારા વગેરે મહત્ત્વની ફિલ્મોમાં એમણે અભિનય કર્યો હતો. ‘રાખી ઔર હથકડી’ ફિલ્મમાં એમણએ ડબલ રોલ કર્યો હતો.

૨ ઓકટોબર, ૧૯૪૨માં એમનો જન્મ થયો હતો. છઠ્ઠા અને સાતમા દાયકાની ફિલ્મોમાં એમના અભિનયનો પ્રમાણ જોવા મળતો હતો. વહીદા રહેમાન, માલા સિંહા, હેમા માલિની, વૈજયંતી માતા રાખી વગેરે અભિનેત્રીઓ સાથે આશા પારેખનું નામ પણ એક અભિનેત્રી તરીકે એ સમયમાં મહત્ત્વનું હતું. ફિલ્મ ક્ષેત્રે કરેલા પ્રદાન બદલ ૧૯૯૨માં એમને પદ્મક્ષીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુંબઈમાં એમનો જન્મ થયો હતો. એમની ફિલ્મ કારકિર્દી ૧૯૫૨-૫૫ સુધી રહી તી. એમને અભિનેત્રી ઉપરાંત નિર્માતા - દિગ્દર્શક તરીકે પણ ભૂમિકા ભજવી હતી. ૧૯૫૨માં બિમલ રોયે ‘માં’ અને ૧૯૫૪માં ‘બાપ-બેટી’ ફિલ્મમાં અભિનાય કરવાની તક આપી હતી. ૧૯૭૦માં બનેલી ફિલ્મ ‘કટી પતંગ’ માટે એમને શ્રેષ્ઠ અભિનેત્રીનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. ફિલ્મફેર દ્વારા ૨૦૦૨ માં એમને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ભારત સરકાર દ્વારા ૧૯૯૨માં એમનું પદ્મશ્રીથી સન્માન થયું હતું. ‘ધ હીટ ગર્લ’ નામે ખાલિદ હુસૈન સાથે મળીને એમણે ૨૦૧૭માં પોતાની આત્મકથા પણ લખી હતી. એમને લગ્ન કર્યા નહોતા. આશા પારેખ હોસ્પિટલ સાંતાક્રુઝ, મુંબઈના મેનેજમેન્ટમાં હવે તેઓ વ્યસ્ત છે. ૨૦૧૭માં પૂના ફિલ્મ ફેસ્ટિવલમાં એમની આત્મકથાને ઉત્તમ પુસ્તકનો એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત પણ અનેક રાજયોમાં સન્માન એમણે પ્રાપ્ત થયા હતા.

એક ગુજરાતી અભિનેત્રી કે જેણે હિન્દી ફિલ્મોમાં પોતાનું સ્થાન બનાવ્યું એ દાદા સાહેબ ફાળકેથી સન્માનિત થાય એમાં ગુજરાતીઓને આનંદ જ થવાનો !

## "માંગી બેસે પુરાવો નક્કર પ્રેમ કર્યા નો, ઘા હોય એટલાં કે પગ ઉપડે નહીં, ને જરાક ઠેસ વાગે ને ત્યાં ઢાળ આવે એમ પણ બને વલોવી દે વજુદ ને દરિયો થઈ ભ્રમણાઓ તોડવા ને ભીતર એકાદ ખૂણે જુવાળ પ્રગટે એમ પણ બને"....




● પ્રેમ= જરૂરિયાત લાગણીસભર ક્રિયા.

મનની ગતિ સાથે, મનના વિચારો સાથે સંકળાયેલી ભાવના જે પોતાના પક્ષમાં હોય એ પ્રેમ? શું પ્રેમની વ્યાખ્યા હોઈ શકે ખરી? આપણે ભલે હોશિયારી મારતા હોઈએ કે પ્રેમ એટલે આત્મા સાથે જોડાયેલ એને રંગ રૂપ સાથે લેવા દેવા નહીં. પહેલી નજરમાં થાય એ જ પ્રેમ, પ્રેમ એક જ વાર થાય છે, પ્રેમ કરવાનો હોતો નથી, એ તો થઈ જાય છે, અધઃ અધધ પ્રેમ વિશે લખવા બેસીએ તો પ્રેમ પુરાણ લખાઈ જાય, પણ આ બધું સત્ય અને સચોટ કેટલા અંશે?

પ્રેમ એટલે સંભાળ, સ્નેહ અને લાગણી જેવી ક્ષણિક ભાવના જે સમય અને સંજોગો પર આધીન હોઈ શકે. હા સમય પર આધારિત.

એક્વાર કોઈનું બ્રેક અપ થઈ ગયું હોય, અને ફરી થી કોઈના પ્રેમમાં પડે તો," તું મારો પહેલો પ્રેમ છે એમ તો ના કહી શકે એટલે તું મારો આખરી પ્રેમ છે" એવું સ્ટેટમેન્ટ આપે. દરેકને સૌ પ્રથમ સુંદરતા જ આકર્ષિત કરતી હોય છે. પછીની બીજી બધી વાતો મન બહેલાવવાની.

પ્રેમની ઉંમર કેટલી? શું પ્રેમ અમર છે? પ્રેમ બિમાર હોઈ શકે, કાચી ઉંમર નો હોઈ શકે, પુખ્ત હોઈ શકે, પણ શું પ્રેમ ટકાઉ હોઈ શકે?

ના ભાગ્યે જ પ્રેમ ટકાઉ સાબિત થાય. આજે ગળાડૂબ પ્રેમ કરતો માણસ આજીવન હમેશાં આમજ ગળાડૂબ કરતો રહેશે?

ના, ખરા અર્થમાં જોઈએ તો પ્રેમની પરિભાષા સમય અને સંજોગો સાથે પરસ્પર જોડાયેલી છે. એક વ?યકિતના સપોટને કારણે બીજાનો થતો વિકાસ એ પ્રેમ છે. જ્યાં સુધી એકબીજાને ગમતું ગમતું થાય ત્યાં સુધી પ્રેમ. પ્રેમ એટલે સ્વતંત્રતા.જો થોડી પણ દખલગિરી થાય તો સાવ ઊંધુ.

જે ક્ષણે મરજી વિરુદ્ધ અથવા મનગમતું ના થયું એ જ ક્ષણે એ પ્રેમ ઓછો, જૂઠો અને કદાચ પ્રેમ નથી જ એવું પુરવાર થવા લાગે.

પ્રેમનો કોઈ જ આકાર નથી હોતો, પણ એની ભાષા ચોક્કસ હોય છે. પ્રેમ એ પરમાત્મા છે અને પરમાત્મા એ જ પ્રેમ છે, રોજિંદા લાઈફ સ્ટાઈલમાં આ ગહન વાત દિલમાં ઉતારવા આપણે એટલા સક્ષમ, એ લેવલના નથી. એટલી સામાન્ય વ્યક્તિ રીતે કહું તો પ્રેમ એટલે -

પ્રેમએ માણસનું વર્તન, ભાવના અને લાગણીનો મિશ્ર સમૂહ છે, જેમાં વ્હાલ,હૂંફ અને વિજાતીય વ્યક્તિ પ્રત્યેની તીવ્ર લાગણીઓ સંકળાયેલ છે. પ્રેમ કોઈ વ્યકિતના શરીરને નહી પરંતુ આત્માને થાય છે. આવું આપણે સાંભળ્યું, માન્યું પણ હકીકતમાં આત્મા વિશે આપણું જ્ઞાન કેટલું? કોઈ ધર્મ ગ્રન્થ, કોઈ પુસ્તક, કોઈ શાળા આત્મા અને પરમાત્માથી માહિતગાર કરાવી નહીં શકે. એ પોતે જ કરવું રહ્યું, ખેર ! સાંભળ્યું છે કે પ્રેમ વ્યકિતની બાહય સુંદરતા નથી જોતો. પણ આંતરીક સુંદરતાને અનુભવે છે.છતાં દરેક ને રાજકુમાર અને રાજકુમારી જ જોઈએ છે.

નાનપણમાં દાદા પાસે વાર્તા સાંભળ્યા પછી એક જ વિચાર આવતો કેમ સુંદર પરી? કેમ રાજકુમાર, કોઈ સામાન્ય વ્યક્તિત્વ વાળો પુરુષ કે સ્ત્રી કોઈના હીરો કે સ્વપ્ન પરી ના હોઈ શકે? માનસપટલ પર નાનપણથી સુંદર પરી, રાજકુમારી, રાજકુમાર થોપી બેસાડેલા હોય એ પુખ્ત થાય ત્યારે અચાનક એને સભાન કરવામાં આવે કે બેટા બાહ્ય સુંદરતા કરતાં આંતરિક સુંદરતા એ જ પ્રેમ. તો આટલા વર્ષો શું એ વાર્તા માત્ર વાર્તા જ હતી? કેમ કોઈએ એવી વાર્તા નથી લખી, કોઈ લેખકે

કે બેડોળ, જાડી, કાળી ચામડી વાળી સ્ત્રી માટે એક રાજકુમારે યુદ્ધ કર્યું એની આંતરિક સુંદરતા જોઈને. શું કોઈની આંતરિક સુંદરતા ને મહેસુસ કરી શકીએ એ લેવલ છે આપણામાં? જે દિવસે વ્યક્તિની ઓળખમાં સુંદરતા ને નજર અંદાજ કરવામાં આવશે ત્યારે પ્રેમની ખરી વ્યાખ્યા સર્જાશે. ત્યાં સુધી બધું મિથ્યા, દરેક ને પ્રેમ સુંદરતા સાથે જ જોઈએ છે. ભલે એ પ્રેમ ટકાઉ હોય કે ના હોય.

પ્રેમ કરવો સહેલો છે. પરંતુ પ્રેમને સમજવો એટલો જ મુશ્કેલ છે.

હું માનું છું ત્યાં સુધી મુશ્કેલ વસ્તુ પ્રેમ હોઈ જ ના શકે? જ્યાં સરળ હોય બધું જ એકમય હોય એ જ પ્રેમ.

પણ પ્રેમ પાછો ત્યાં જ ટકે જ્યાં આપણી લાગણીને સમજનાર અને આપણી ખામીઓને સ્વીકારનાર હોય, બાકી પ્રેમ સાઈડ માં રહી જાય અને રિસામણે જતી વ્યક્તિ બીજી સાઈડે. ગમતું પાત્ર ગમતું બધું કરવા દે એટલે પ્રેમનું ઊભરું ઉભરાઈ આવે, અને સહેજ કંઈક આડું અવળું મરજી વિરુદ્ધ થયું, કેમ? શું કામ? આમ કેમ જેવું આધિપત્ય આવી જાય એટલે એજ ઊભરૂ સમી જાય અને એમાં ગાબડું પડી જાય. વિશ્વમાં જો સૌથી ટૂંકી આવરદા હોય તો પ્રેમ ની.. અને લાંબામાં લાંબી તો એ પણ પ્રેમની. ઘરના મંદિરમાં રાધા કૃષ્ણની પૂજા કરતાં માબાપ દીકરા, દીકરીના પ્રેમના દુશ્મન પણ હોય. ત્યાં પ્રેમની ભાષા અલગ અને પોતાના સંતાન માટે અલગ. કદાચ એ જાણતા હશે કે પોતાની કુખે જન્મેલ સંતાન કૃષ્ણ કે રાધા ના લેવલે ના જ અવતરે.

પ્રેમની ઘણી વ્યાખ્યાઓ છે.

અથવા ઘણી બધી વસ્તુમાં પ્રેમને આવરી લેવામાં આવ્યો છે.

ઘણી ભ્રમિત વ્યાખ્યાઓ ને મગજ માં ગાંઠ બાંધીને ફર્યા છીએ આપણે એમાંની એક ગાંઠ એટલે સપના ની દુનિયા, પેલા રાજકુમાર ની વાર્તા જેવું. શું પ્રેમ ધારણ કરી શકાય, શું એ વધે કે ઘટે? રોકડ ની જેમ આપી શકાય કે લઈ શકાય. મેં તને આપ્યો એટલે તું મને બદલામાં આપ. ના આપી શકે તો પાછો આપ. કારણ પ્રેમ જો નિરાકાર હોય તો પ્રેમના બદલામાં પ્રેમ માંગી જ ના શકાય.

પણ અહીંયા તો વર્ષોથી આ જ ચાલતું આવ્યું છે.

ગમ્યું એટલે ટક્યું.બાકી બીજે જોડાયું. નરું સત્ય.

કોઈ વસ્તુ કે વ્યક્તિ પરનું આકર્ષણ અને આપણી અમુક અપેક્ષાઓ તથા જરૂરિયાતોને સંતોષવા બંધાયેલો સંબંધ એટલે પ્રેમ.

પ્રેમની વ્યાખ્યા દરેકના દૃષ્ટિકોણથી અલગ પડે છે જે ખરેખર પ્રેમની સુંદરતા છે કારણ કે તેનો એક અર્થ નથી હોતો.

પ્રેમ એટલે બલિદાન જે સંબંધને ગૌરવ આપે છે.

પ્રેમ એટલે સમર્થન જે પ્રતિભાને પ્રેરિત કરે છે.

પ્રેમ લાગણી પ્રેમ હોઈ શકે, કાંઈક એવી કે જેના આવવાથી આપણા જીવનમાં પરિવર્તન આવી જાય.

દુનિયાની તમામ સમસ?યાઓનું નાની લાગવા લાગે, કાંઈક એવુ કે જેના આવવાથી જીવનનું તમામ દુઃખ સાવ નિમ્ન બની જાય અને જીવન જીવવું સહેલુ બની જાય.

બહું ઓછા લોકોને આવા ટકાઉ પ્રેમનો અનુભવ થતો હોય છે. બહુ ઓછા લોકોને આવો અલૌકીક સ્નેહ મળે છે.

ખરેખર પ્રેમ શું એ જાણવું હોય અને અનુભૂતિ કરવી હોય તો તમારા પ્રેમીની હા માં હા કરવાનું ટાળી જોજો.. પ્રેમ ની ઉંમર અને પ્રેમનું અસ્તિત્વ પરખાઈ જશે એક જ ક્ષણમાં.

ખરા અર્થમાં પ્રેમની કોઈ વ્યાખ્યા જ નથી.

તમારી ક્રિયા અને પ્રતિક્રિયા જ તમારા પ્રેમને વર્ણવે છે.

# ગાંધીને એમના શબ્દોમાં ન શોધો, શબ્દોની વચ્ચે મળશે ગાંધી




તમે ગાંધીને પુજી શકો, ગાંધીને વખોડી પણ શકો, પરંતુ એક વાત તો સત્ય છે તમે ચાહો તો પણ તેને અવગણી શકતા નથી. હમણાં જ ગાંધી જયંતિ ગઈ. અનેક લોકોએ અનેક તરહથી અને પોતપોતાની આગવી રીતે ગાંધી જયંતિ ઉજવી. મેં પણ મનમાં ને મનમાં જ ગાંધી જયંતિ ઉજવી. ગયે વર્ષે ગાંધી જયંતિ પર ગાંધીનગરના શ્રી મયુર જોષીએ ગાંધી જયંતિ નીમિત્તે એક સુંદર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. તેના ત્રણ ચાર દિવસ પૂર્વે એમણે મને આ કાર્યક્રમમાં બોલવા નિમંત્રણ પાઠવ્યું. એમાંય વિષય પણ એવો "મુજમાં ગાંધી." મને મોટો આઘાત લાગ્યો, કારણ કે મને વ્યક્તિગત અને સારી રીતે ઓળખતા લોકો ગાંધી વિશે જાહેર મંચ પર બોલવાનું આમંત્રણ આપે એ ગળે ઉતરે એવી વાત નથી ! કારણ કે તમામ વિરામચિહ્નોના સ્થાને ગાળો બોલવાની મારી આદતના કારણે લોકો પીઠ પાછળ ટીકા કરતા, અને જેમને મારા ઉપર પ્રેમ હતો તેઓ મને મોઢા પર કહેતા કે તું આ અપશબ્દો બોલવાનું બંધ કર ભાઈ. ખેર અચકાટ અને આનાકાની બાદ મયુરભાઈનો પ્રેમ માથે ચડાવીને મેં "મુજમાં ગાંધી" પર બોલવા હા ભણી.

હવે કવાયત શરુ થઈ ’મુજ’માં ગાંધી શોધવાની. હું માનુ છું કે દરેકમાં એક ગાંધી જીવતો હોય છે, જરૂર હોય છે તો જે રીતે ગાંધીએ પોતાની અંદરથી એક ગાંધી શોધ્યો, એમ આપણે પણ ખૂદની અંદર રહેલા ગાંધીને શોધવાની. બાળપણમાં જ સત્યના પ્રયોગો વાચેલા. ખાસ સમજણ વિકસી ન હોવા છતાં ગાંધી વિશે એક છાપ ચિત્તમાં ઉપસેલી કે ’વિશ્વમાં આનાથી વધુ પારદર્શક અને જાત સાથે વાત કરી શકતો માણસ મળવો અસંભવ છે.’ પોતાના અંગત ઘાવોને બીજા સમક્ષ ડરતા લોકો વચ્ચે આ માણસ પોતાની નબળામાં નબળી અને સબળામાં સબળી વાતો પણ કેટલી સહજતાથી દૂનિયા સમક્ષ મુકી શક્યો ? આ નિખાલસતા, પારદર્શિતા આવતા આપણને કદાચ બે ચાર જનમ લાગી જશે, અને કદાચ એટલા માટે જ ગાંધી એ ’ગાંધી’ છે. આપણે જે અર્થમાં કે ભાવસ્થિતિમાં આપણા દેવી-દેવતાઓને તું’કારે બોલાવીએ છીએ, એ ભાવસ્થિતિમાં મારાથી ગાંધીજી માટે ગાંધી જ લખાયું છે.

તે દિવસે ’મુજમાં ગાંધી’ વિષય પર બોલતા વખતે મને મારામાં ગાંધી ક્યાં જડ્યા એ કહેવું છે આજે. ૧૯૮૦થી ૧૯૮૨ વચ્ચે રીચાર્ડ એટનબરોનું ગાંધી ફીલ્મ બની રહેલું. દરિયાકાંઠે એક દષ્યના ફીલ્માંકનમાં બેકગ્રાઉન્ડમાં મકાનો પર ટી.વી.ના એન્ટેના દેખાતા હતા. ગાંધીના સમયમાં ટી.વી. એન્ટેના દૃષ્યમાં ન ચાલે. રીચાર્ડ એટનબરોએ ઘણા પ્રયત્નો કર્યા, પણ એમ પોરબંદરની પ્રજા માને ? કોઈએ એમને કહ્યું કે પોરબંદરના ડોન ’સરમણ મુંજા’ને કહીએ. જેલમાં જઈને રીચાર્ડ એટનબરોએ સરમણ મુંજાને વાત સમજાવી, અને પ્રજા, નેતાઓ અને પોલીસ પણ જેનાથી ડરતી એવા સરમણ મુંજાએ હુકમ કર્યો અને બીજા દિવસ સવાર થાય પહેલાં એ વિસ્તારના તમામ ટી.વી. એન્ટેના ઉતરી ગયાં ! આમ જુઓ તો આ ડૉનને ગાંધી અને ગાંધી મૂલ્યોની શી પરવા હોય ? પણ આ જ તો ગાંધીનું ગાંધીપણું છે . . . કદાચ ટી.વી.ના એન્ટેના ઉતરાવનાર સરમણ મુંજા ’ડોન’ નહોત, પરંતુ એ ક્ષણે એનામાં ગાંધી હતા.

ગાંધીગીરીને આપણે સાવ સહેલી બનાવી નાખી છે, ગાંધીગીરી આપણને સીધી ગાંધીમાંથી મળવાને બદલે "મુન્નાભાઈ એમ.બી.બી.એસ."માંથી મળી છે એ ગાંધીનું સૌથી મોટું અવમાન છે. જે માનો છો તેને જીવનમાં અમલમાં મુકવું એ જ તો ગાંધીગીરી છે. ગાંધીએ આજીવન એ જ કર્યું છે. મુન્નાભાઈ એમ.બી.બી.એસ.ના જન્મ પહેલા કેટલાંય વર્ષો પહેલાં મોડી સાંજે અંધારામાં રોડ પર ઢળેલા ઓઈલમાં મારું સ્કુટર અને હું બન્ને લાંબા લસ થઈ ગયાં. નજીકમાં ઉભેલા એક ભાઈ દોડી આવ્યા. મને ઉભો કર્યો, અને મેં મારા સ્કુટરને. હું અને મારું સ્કુટર બન્ને છોલાઈ ગયેલાં. એ ભાઈ બોલ્યાં " અહીં પડનારા તમે છઠ્ઠા છો !" હું કંઈ બોલ્યા વગર જ રસ્તાની સાઈડમાંથી ધુળ ઉપાડીને ઓઈલ પર નાખવા લાગ્યો. એક ખોબો, બીજો ખોબો અને ત્રીજો ખોબો ધૂળ નખાઈ ત્યાં એ ભાઈ પણ મારી સાથે જોડાઈ ગયાં અને જોતજોતામાં રસ્તે પસાર થઈ રહેલા પાંચ સાત ખોબા પણ ધુળયજ્ઞમાં જોડાઈ ગયાં. બે અઢી મીનિટમાં તો ઓઈલ વાળો જોખમી રસ્તો સલામત બની ગયો! ગાંધીજી કહેતા કે તમે જે માનો છો તે જીવનમાં અમલમાં મૂકો. એ ઘડીએ અજાણ રીતે મારી અંદર રહેલા ગાંધીએ મારી પાસે પહેલો ખોબો ધૂળ ઉપડાવી હશે.

ફુટપાથ પર ગરીબોને નશામાં કચડી નાખનારા સલમાન ખાનની એક ફીલ્મમાં ડાયલોગ બહુ જાણીતો થયેલો ’થેંક યુ મત બોલો, તીન લોગો કી મદદ કીજીયે આપ, ઔર ઉન તીન લોગો સે કહેના, કી વો ઔર તીન લોગો કી મદદ કરે . . .’ બ્લા બ્લા બ્લા. આ ફીલ્મ આવ્યાના કેટલાંય વર્ષો પૂર્વે હું સ્કુટર પર સરખેજ ગાંધીનગર હાઈવે પર મોડી રાત્રે ગાંધીનગર આવતો હતો. એક ઓવર બ્રીજ પર બે જુવાનીયા સ્કુટરને ધક્કા મારીને ઢાળ ચડાવતા જોયા. એ વખતે એસ.જી. હાઈવે પર લુંટફાટ બહુ થતી. છતાં મને થયું આ છોકરા મરી જાશે આમ સ્કુટરને ધક્કા મારીને, એટલે ઉભા રાખીને પુછ્યું તો ખબર પડી કે પેટ્રોલ ખલાસ થયું હતું. એકને મારી પાછળ બેસાડ્યો અને બીજાને એના સ્કુટર પર પગથી ધક્કો મારી દોઢ બે કિલોમિટર પેટ્રોલ પમ્પે પહોંચાડ્યા. એ લોકો રીતસરના પગમાં પડ્યા, થેંક યુ તો એમના મોંમાંથી સુકાતુ જ નહોતું ! અચાનક મારામાં ગાંધી જાગ્યો ... અને એમને સલમાનના ફીલ્મમાં આવતી આ જ વાત મારા શબ્દોમાં કહેલી, કે "ભાઈ મને થેંક યુ કહેવાને બદલે આવી વિકટ પરિસ્થિતિમાં કોઈને મદદ કરજો અને એમનું થેંક યુ સ્વીકારવાને બદલે એમને પણ આ જ વાત કરજો."

આમ જુઓ તો આવી શરુઆત દરેક વ્યક્તિ કરી શકે છે, અને મેં જે કાંઈ કર્યુ એમાં કોઈ તીર નથી મારી લીધું. જરૂર છે તો એવી શરુઆતને એ રીતે સમજવાની અને મૂલવવાની. સિલ્ક ખાદી પહેરીને મોટા મોટા મંચો પરથી થતી સુફીયાણી વાતો, ગાંધી મૂલ્યો અને વિચારોનો હથીયાર તરીકે થતો ઉપયોગ બધે જ જોવા મળશે . . . પરંતુ ગાંધીની આડમાં મહાન બનવાના આયાસ જેવા ખોખલા શબ્દો કરતાં, એક ખોબો ધૂળે અને અરધી રાત્રે સ્કુટરને ધક્કા મારી દુખી ગયેલા પગની પીડા તમને ગાંધીની વધુ નજીક લઈ જશે.

**હેન્ડબ્રેક :**

**"ગાંધીજીના શબ્દો નહી, એમના શબ્દોના આત્માને પામવાથી ગાંધી બનની શકાય "**

- ધ.ત્રિ.

- 9978405967